

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી
(ગાંધીનગર)

## આપણાં અગીયાર નિયમો
- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

(ગતાંકથી ચાલુ)

**“નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ”**

આપણાં સંપ્રદાયના દેશ વિદેશના હજારો મંદિરોમાં સંધ્યા આરતી પ્રાર્થનામાં નિત્ય ગવાતું પ્રેમાનંદ સ્વામી રચિત આ પદમાં વર્ણવેલ મુખ્ય અગિયાર નિયમોમાંથી બે નિયમ વિષે ગયા અંકમાં આપણે વાંચ્યુ. ગમ્યું પણ ખરૂં, તો આવો ત્યાંથી આગળ વાંચીએ.

**“માંસ ન ખાવત મદ્ય કું પીવત નહિં બડભાગ્ય,**
**વિધવા કો સ્પર્શત નહિં, કરત ન આત્મઘાત.”**

**ત્રીજો નિયમ : માંસ ન ખાવત.**

ઘણીવાર કોઈને શંકા થાય, કોઈ હિન્દુ આ બાબતથી તો જુદો જ હોય છે. ક્યારેય માંસ ભક્ષણ કરતો જ નથી. તેમ છતાં એને આ મહત્વના નિયમમાં શા માટે દાખલ કર્યો ? તો અત્યારે સમય જુદો છે એની ખબર આપણાં મોટા પુરુષોને પહેલેથી હતી. આજ કાલ એવા પ્રચાર થવા માંડ્યા છે. અનેક સામાયિકોમાં બીજે ત્રીજે કોઈ ઈંડાની વાતો કહે છે. કેટલાંક સંતો પાસે પ્રશ્નો લઈને આવે છે કે ઈંડા શામાં ગણાય ? પણ એ માંસ જ છે. એમાં શંકા જ નહીં. ઈંડુ માંસ છે કે નહીં તેની ચર્ચા કર્યા કરતા એ મરઘીને પૂછી લેવું જોઈએ કે આને તું શું માને છે ! ઘણાં માણસો ઈંડાને ને દૂધને સમાન કક્ષામાં મુકે છે એ એની મોટી ભૂલ છે. જ્યારે ગાય દોહવાતી હોય ત્યારે દૂધ ઉપર ગાયને મમત્વ નથી હોતું. એ પ્રેમથી તપેલી ભરીને લઈ જવા દે છે. પરંતુ મરઘી જ્યારે ઈંડુ મુકે પછી તમે એની બાજુમાં જજો જોઈએ. એ શક્ય એટલો પ્રતિકાર કરશે. મરઘીને એમ છે કે આ મારું બચ્ચું છે. તો એ જ સાબિતી છે કે એ માંસ છે. એમાં જીવ છે. એટલે આવી કોઈ બાબતમાં આજની યુવાન પેઢી ક્યાંય ફસાય તો એની ચેતવણી માટે “માંસ ન ખાવત” એ ત્રીજો નિયમ છે. કોઈપણ વસ્તુમાં ક્યાંય માંસ કે કોઈક પ્રાણીજ ચીજ ઉમેરી હોય તો એનો પણ ત્યાગ કરવો.

સ્વામિનારાયણ ભગવાને સત્સંગિજીવનમાં ઉપરિચર વસુ રાજાની વાત કરી છે. એની પાસે એટલું પુણ્ય હતું કે એ સદેહે સ્વર્ગમાં જઈ શકતો. આપણે લોકમાં કહેવત છે કે, “આપ મૂઆ સિવાય સ્વર્ગ ન જવાય !” પણ મર્યા વગર એ ઉપરિચર સ્વર્ગમાં જતો હતો. એટલાં ઉત્તમ પુણ્ય હતાં ! છતાં એકવાર દેવતાઓ અને મહર્ષિઓ વચ્ચે હિંસાને માંસની ચર્ચા ચાલી. ઉપરિચર અને ઈન્દ્રને મિત્રતા હતી. ઈન્દ્રને ખોટું ન લાગે એટલે એણે ગોળગોળ જવાબ આપ્યો, “એમાં ય વાંધો નહી ને આમાં પણ વાંધો નહિ. આ પણ સાચું છે અને તે પણ સાચું છે.” આટલો જ્યાં ઉચ્ચાર કર્યો ત્યાં તો તરત જ એનાં પુણ્ય ધોવાઈ ગયાં ! એ ધરતી પર પડ્યો ! સ્વામિનારાયણ ભગવાને ત્રીજા નિયમમાં સાવધાની પૂર્વક વાત કરી છે, “કોઈ પણ સંજોગોમાં ક્યારેય પણ અમારા આશ્રિતોએ માંસ ભક્ષણ કરવું નહી.””

**ચોથો નિયમ : “મદ્ય કો પીવત નહી બડભાગ્ય”**

હવે આવે છે મદિરા. ક્યારેય પણ ભગવાનના ભક્તોએ હળવી કે ભારે કોઈ મદિરા સ્વીકારવી જ નહીં. ઘણીવાર ઓછા નશાવાળા દારૂ પણ મળતાં હોય છે. પણ દારૂ એ દારૂ. ભગવાનના ભક્તોએ ક્યારે પણ કોઈપણ પ્રકારના મદ્યનો ત્યાગ જ કરવો જોઈએ. માણસ વ્યસનમાં એટલો હેરાન થાય છે, એટલો તો જમપુરીમાં ય હેરાન ન થાય ! આ અવાર-નવાર ક્યાંય જાણવા મળે. કેવા કેવા દારૂ પીને માણસો રિબાય છે, દુઃખી થાય છે. કમોતે મરે છે. પણ એ જોઈને ય કોઈ છોડતા નથી. એટલે આપણાં શાસ્ત્રો, આપણાં સંતો બૂમો પાડે છે, “ભાઈ ! મદ્ય-માંસનો ત્યાગ કરો.”

પુરાણમાં એવી કથા આવે છે કે દેવો અને દૈત્યોએ સાથે મળીને સમુદ્રમંથન કર્યું એમાંથી મદિરા પેદા થઈ. એ અસુરોએ લીધી. દેવતાઓએ ન સ્વીકારી. આ એક

પુરાવો છે કે મદિરા કોને ગમે ? કદાચ કોઈને માઠું લાગે કે અમે અસુરો ? ના તમે બહુ સજ્જનો ! પણ પીધા પછી તમારો સ્વભાવ કેવો થાય છે ? એ વિચારજો. તો એ સાબિતી છે કે મદિરા સાત્ત્વિક વૃત્તિઓને તામસી વૃત્તિઓમાં પરિવર્તિત કરી નાંખે છે. અત્યારે લાખોના ખર્ચે એનો નિષેધ કરાય છે. પણ સ્વામિનારાયણ ભગવાને પહેલેથી જ પોતાના આશ્રિતોને દેવ જેવું પવિત્ર જીવન જીવતા કર્યા છે.

અહીં ''મદ્ય'' લખ્યું એનો વિસ્તૃત અર્થ એ પણ થાય કે કોઈપણ પ્રકારનાં વ્યસનો અને કેફી પીણાંનો ત્યાગ કરવો - આ ચોથો નિયમ છે.

**પાંચમો નિયમ : ''વિધવા કો સ્પર્શત નહીં''**

વિધવા સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો. આ બાબત એક ધર્મની મર્યાદા છે. બ્રહ્મચર્ય શુધ્ધિ માટે છે. આચાર જીવન શુધ્ધિ માટે છે.

શિક્ષાપત્રી શ્લોક ૧૬૪ માં શ્રીહરિની આજ્ઞા છે કે - ''અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબધ વિનાના જે પુરૂષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો અને પોતાની યુવાવસ્થાને વિશે અવશ્ય કાર્ય વિના સમીપ સંબંધ વિનાના જે યુવાન પુરૂષ તેમની સાથે ક્યારેય પણ બોલવું નહીં.''

આ વાતનું ધ્યાન રાખે તો વિધવા સ્ત્રીઓ પોતાના ધર્મમાં રહી શકે. તે માટે શ્રીહરિએ આજ્ઞા કરી છે - વળી વિધવા સ્ત્રીઓ તેમણે પરમાત્માને વિશે પતિબુધ્ધિ રાખીને પ્રભુ સેવા કરવી. જે દ્વારા વિધવા સ્ત્રીઓ માનભેર નિષ્કલંક જીવન પસાર કરી શકે. તેવી ઉચ્ચ ભાવના આ આજ્ઞા પાછળ સમાયેલી છે. તેને આપણા મુખ્ય - અગિયાર નિયમોમાં ''વિધવા કો સ્પર્શત નહીં'' દ્વારા સમાવવામાં આવેલ છે.

**છઠ્ઠો નિયમ : ''કરત ન આત્મઘાત''**

ભગવાનના ભક્તોએ ક્યારેય પણ કોઈપણ સંજોગોમાં આત્મઘાત કરવો નહી. ગમે એવી મૂંઝવણ થાય, ગમે તેવું કદાચ ખરાબ કામ થઈ ગયું હોય તો કોઈ માનસિક આવેગમાં આવીને - હવે હું શું મોઢું બતાવું એવું થઈ જાય તો પણ આત્મઘાત ન કરવો. માણસ કેવી કેવી વાતમાં, નજીવી બાબતોમાં આપઘાત કરી નાંખે છે ! પરીક્ષામાં રીઝલ્ટ સરખું ન આવે - ધબ દઈને રેલ્વે નીચે.... અલ્યા ભાઈ ! આ કરોડોની કિંમતથી અધિક એવો માનવદેહ છે. કૃપા કરીને ઈશ્વરે આ માનવ દેહ આપ્યો છે એનો ઘાત કરી નાંખવો એ મહામોટું પાપ છે. માટે ક્યારેય પણ આપઘાત કરવો જોઈએ નહીં.

જગતમાં એવી કહેવત પણ છે કે- તીર્થમાં જઈને મરે તો એનો મોક્ષ થાય. જેમાં સહુથી મોખરે કાશીનું નામ આવતું. હજુ સુધી કહેવત છે - 'કાશીનું મરણ અને સુરતનું જમણ.' તો કોઈ કાશીએ જઈને કરવત મુકાવે તો કૈલાશમાં પહોંચી જવાય. આવી અંધશ્રધ્ધાથી પણ આ રીતે આપઘાત કરવો નહી. જો એવું જ હોય તો બધા પાપીઓ છેલ્લા વખતે ત્યાં કરવત હેઠે જ બેસી જાય ને ! બધા કૈલાશાવાસી જ થઈ જાય ! પણ એ વાત સત્ય નથી. ભગવત્ સ્મરણ, ભજન-કીર્તન કર્યા સિવાય જીવનું કલ્યાણ, મોક્ષ થતો જ નથી. માટે કોઈપણ પ્રકારે આત્મઘાત ન કરવો.

(આ વખતે આપણાં અગિયાર નિયમમાંથી છ નિયમની વાત વાંચી. વધુ આવતા અંકે.)

●

**મહારાજનો મોટો પ્રતાપ**

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

આજ તો ગોપાળાનંદ સ્વામી પત્ર લખવા બેઠા છે. યોગીરાજ ગોપાળાનંદ સ્વામી તથા શ્રીજી મહારાજનું આંતરિક જોડાણ કેવું હતું તે તો આખું જગત જાણે છે. ''યોગી પૂર્વ જન્મના, જેને વહાલા સંગાથે વહાલ'' તેમ છતાં આજ અલૌકિક લીલા કરતા હોય તેમ ગોપાળાનંદ સ્વામી હરિભક્તોની વિનંતીને ધ્યાનમાં લઈ પત્ર લખવા બેઠા છે. કેટલાક ચરિત્રો મહાપુરુષોના અવર્ણનીય હોય છે. ગોપાળાનંદ સ્વામીનો મહિમા, ઐશ્વર્ય, પ્રતાપ, પ્રભાવ બધા જ જાણતા. માટે જ હરિભક્તો ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા. સ્વામી વડતાલમાં હતા. પોતાના આસને બેઠા હતા. ચોમાસાની ઋતુ ચાલતી હતી. પણ વરસાદની બહુ ખેંચ હતી. હવા, પાણી અને પ્રકાશ એ તો ઠાકોરજીની ભેટ છે. ભગવાનની મરજીથી જ બધું થાય છે.

मद्भयादाति वातोऽयं सूर्यस्तपति मद्भयात् ।
वर्षतीन्द्रो दहत्यग्नि मृत्युश्चरति मद्भयात् ॥

પણ સમર્થ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પણ ઈચ્છા થાય તો વરસાદ વરસાવતા. આ પ્રતાપને જાણી હરિભક્તો વડતાલમાં ગોપાળાનંદ સ્વામીના આસને ગયા. હરિભક્તોએ સ્વામીને કહ્યું કે વરસાદ વિના મોલ સુકાય

છે. સ્વામીએ વિચાર્યું આમ જો હું જ ઈશ્વરનું કાર્ય કરીશ તો ભગવાન ભૂલાઈ જશે. ગોપાળાનંદ સ્વામીએ તરત હરિભક્તોને કહ્યું. આવો આપણે મહારાજને પત્ર લખીએ. પછી હરિભક્તોની હાજરીમાં પત્ર લખ્યો. કાશીદાસ ભક્તને કાગળ આપી કહ્યું. જાઓ ગઢડે મહારાજને આપજો. કાશીદાસને ગોપાળાનંદ સ્વામીએ ગઢડે મોકલ્યા. કાશીદાસ ભક્ત ગઢડે પહોંચ્યા. મહારાજ સભામાં બિરાજતા હતા. કાશીદાસ ભક્તે શ્રીહરિના દર્શન કરી કાગળ આપ્યો. મહારાજે પત્ર વાંચ્યો. પછી મહારાજ બોલ્યા કે આ મોટા હરિભગત કાશીદાસભાઈ આવ્યા છે તો ચાલો આજે આપણે બધા એમને સાથે લઈ અને ઘેલામાં નાવા જઈએ. બધાને નવાઈ લાગી. ઘેલામાં એક ટીપું પાણી નથી ! ક્યાં નાવાનું ! એવો સંશય થયો. મહારાજે આજ્ઞા કરી એટલે બધા સંતો, હરિભક્તો મહારાજની સાથે ચાલ્યા. બધા ઘેલાને કાંઠે જઈ ઉભા રહ્યા અને અચાનકજ એવો વરસાદ ચાલું થયો. બધા પલળી ગયા. અને મહારાજ ઉપર છત્રી ધરી હતી તે પણ તૂટી ગઈ. અને મહારાજ પણ ખૂબ પલળી ગયા. અને એ વખતે ઘેલામાં પાણી આવ્યું.

ગોપાળાનંદ સ્વામીનો પત્ર જાણે મહારાજે શિરોધાર્ય કર્યો હોય તેમ પત્ર વાંચતા અલૌકિક રીતે ચરિત્ર કરી વરસાદ વરસાવ્યો. ઘેલા નદીમાં પાણી આવ્યું પણ એ પાણી ડોહળું હતું. અને એમાં કાંટા, ઝાંખરાને કચરો, ફીણ આ બધું જોઈને શ્રીજી મહારાજ કહે આજે તો આ ઘેલાનું પાણી મેલું છે. ડહોળું છે એટલે નવાશે નહિ. પણ આપણને ઈન્દ્રે નવડાવી દીધા છે. ચાલો પાછા.

સજ્જનો ! સમર્થ ગુરૂ કી શરન મેં નહીં ભાગ્ય કા કોઈ જોશ,

ભાગ્ય દેખો જગત કે જીવ કે ઉન મે હૈં નરક કે દોષ.''

જીવના ભાગ્યમાં સુખ દુઃખ ગમે તેટલા લખ્યા હોય પણ જો ગોપાળાનંદ સ્વામી જેવા સંત પાસે ગયા. તો દુઃખ દૂર થઈ ગયાં. ભગવાન સુધી પોતાની વાત પ્રાર્થના પહોંચાડવા માટેનું માધ્યમ સંત પુરુષો છે. સાચા સંતો એ મુમુક્ષુઓને ભગવાન ઓળખાવે છે. અને ભગવાન સાથે જોડે છે. જેમના હૃદયમાં પરમાત્મા બિરાજમાન છે. એવા સમર્થ સંતો આખા બ્રહ્માંડને તારી શકે છે. પરંતુ એ બધું ભગવાન જ કરે છે. ભગવાનની ઈચ્છાથી જ થાય છે એમ માની પ્રભુનું ભજન કરે છે તેવા સંતોના સંકલ્પ ભગવાન પુરા કરે છે.